# જાહેર નિવિદા

સાવજ ડેરી, જૂનાગઢ એ ગુજરાત કો- ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લી. (અમુલ) નું સભ્ય જિલ્લા સહકારી દુધ સંઘ છે. જેમાં નીચે મુજબના વિભાગ માટે નીચે જણાવેલ જગ્યાઓ માટે ભરતી કરવાની હોય સંલગ્ન જગ્યા માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉત્સાહી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | વિભાગ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | અનુભવ | ઉંમર વર્ષ | જગ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | સી.એસ. વિભાગ | ફિલ્ડ ઓફિસર/ ઇન્સ્ટિટ્યુશનલ ડેવલોપમેન્ટ ઓફિસર | બી.વી.એસ.સી./બી.એસ.સી.-એગ્રી/એમ.એસ.સી.એગ્રી-વિસ્તરણ | ૫ વર્ષનો અનુભવ ને પ્રાધાન્ય આપવામાં આવશે | ૩૫ વર્ષ થી વધુ નહી | ૧ |
| ૨ | સી.એસ. વિભાગ | ફિલ્ડ સી.ડી. ઇન્સ્ટ્રક્ટર/ સુપરવાઇઝર | એમ.એસ.ડબલ્યુ. બી.એસ.ડબલ્યુ./એમ.આર.એસ.-બી.આર.એસ./એમ.એસ.સી.-સાયકોલોજી/કો-ઓપરેટિવ મેનેજમેન્ટ સ્નાતક/ડિપ્લોમા ઇન કો-ઓપરેટિવ. | અનુભવને પ્રાધાન્ય આપવામાં આવશે. | ૩૫ વર્ષ થી વધુ નહીં | ૪* |

- ★ ફિલ્ડ સી.ડી. ઇન્સ્ટ્રક્ટર/સુપરવાઇઝરની ભરતીમાં કુલ જગ્યાઓ પૈકી ૨ (બે) જગ્યા મહિલા ઉમેદવાર માટે આરક્ષિત રહેશે.
- ★ ઇચ્છુક ઉમેદવારો સંપૂર્ણ વિગતો સાથે જાહેરાત પ્રસારિત થયાના ૧૫ દિવસમાં પોતાની અરજી (Resume) ની સાથે પોતાની વિગતો શૈક્ષણિક વિગતો, અનુભવની વિગતો તેમજ પોતાની છેલ્લી પગાર સ્લીપ જોડીને રૂબરૂ, પોસ્ટ, કુરિયર અથવા ઇ-મેઇલથી અરજી કરી શકશે.
- ★ અરજી કરેલ ઉમેદવારોમાંથી ફક્ત પસંદગી પામેલ ઉમેદવારોને જ ટેલીફોનિક જાણ કરી ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે.
- ★ ઉપરની જગ્યા ક્રમાંક. ૧ ફિલ્ડ ઓફિસર/ઇન્સ્ટિટ્યૂશનલ ડેવલોપમેન્ટ ઓફિસરની જગ્યા માટે પગાર પેટે ૪૦,૦૦૦/- (અંકે રૂ.ચાલીસ હજાર પુરા) પ્રતિ માસ ફિક્સ, સંસ્થાના ધારા ધોરણ મુજબ આપવામાં આવશે.
- ★ ઉપરની જગ્યા ક્રમાંક. ૨ ફિલ્ડ સી.ડી. ઇન્સ્ટ્રક્ટર/સુપરવાઇઝરની જગ્યા માટે પગાર પેટે ૨૫,૦૦૦/- (અંકે રૂ. પચીસ હજાર પુરા) પ્રતિ માસ ફિક્સ, સંસ્થાના ધારા ધોરણ મુજબ આપવામાં આવશે.
- ★ કોમ્પ્યુટરની જાણકારી ફરજિયાત રહેશે. અધિકારી કક્ષામાં અંગ્રેજી ભાષાની જાણકારી જરૂરી રહેશે.
- ★ ઉપરોક્ત જાહેરાત અન્વયે પસંદ થયેલ ઉમેદવારોને સંસ્થા જરૂરિયાત મુજબ નિમણૂક આપશે અને ૧૨ મહિના પ્રોબેશન પીરીયડ રહેશે. ત્યાર બાદ કામગીરી સંતોષકારક જણાયે જે તે ઉમેદવારને પે-સ્કેલ મુજબ ગ્રેડેશન આપી નિયમોનુસાર પગાર તથા બીજા લાભ આપવામાં આવશે. નિમણૂક અપાયે આ સંસ્થાના કોઇપણ કાર્યક્ષેત્રમાં કામગીરી કરવાની રહેશે.
- ★ સંસ્થાની જરૂરીયાત મુજબ ભરતીની સંખ્યામાં વધઘટ થઇ શકશે. ઉપરોક્ત જગ્યાઓ માટે પોસ્ટ ગ્રેજ્યુએટ અને અનુભવી ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
- ★ ભરતી પ્રક્રિયાના નિયમો અને પસંદગીનો આખરી નિર્ણય નિયામક મંડળનો રહેશે.

**મેનેજિંગ ડિરેક્ટર**

**શ્રી સાવજ જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.**
મુ. ખોખરડા, ખોખરડા ફાટકની બાજુમાં, જૂનાગઢ સોમનાથ હાઇવે, વંથલી, જી. જૂનાગઢ-૩૬૨૨૧૫.
સંપર્ક- HR વિભાગ-મો. ૮૧૫૫૦ ૧૬૪૫૩ E MAIL- junagadhunion@gmail.com